ગુજરાત રાજયની પ્રાથમિક શાળાઓમાં
બાયોમેટ્રીક એટેન્ડન્સ સીસ્ટમનું
અમલીકરણ કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક-પરચ-૧૦૧૩-૯૨૯-છ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ. ૭.૨૦૧૪.
23 JUL 2014

**ઠરાવ**

રાજયના આઠ આદિજાતિ જિલ્લાઓની શિક્ષણ વિભાગ હસ્તકની સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં બાયોમેટ્રીક એટેન્ડન્સ સીસ્ટમ દાખલ કરવામાં આવેલ છે. બાયોમેટ્રીક હાજરી પધ્ધતિનો અમલ વધુ સારી રીતે થાય અને વિધાર્થીઓના શિક્ષણ કાર્યમાં અસરકારકતા આવે તે બાબત રાજય સરકારની સક્રિય વિચારણામાં હતી. વિચારણાના અંતે તા.૧.૮.૧૪ થી નીચે દર્શાવેલ બાબતો અંગે બાયોમેટ્રીક હાજરી પધ્ધતિ અન્વયે નોંધાયેલ હાજરી/ગેરહાજરીના રેકર્ડ આધારે જ કાર્યવાહી કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) પ્રાથમિક શાળાના કર્મચારીઓ/શિક્ષકો માટે રજા, પગાર, હાજરી, પ્રવાસ, ટી.એ.ડી.એ.વિગેરે બાબતોમાં બાયોમેટ્રીક હાજરી રેકર્ડ મુજબ જ પગાર તથા નાણાંકીય લાભો મળવાપાત્ર થશે. બાયોમેટ્રીક એટેન્ડન્સ સીસ્ટમ મુજબ જે દિવસની ગેરહાજરી હશે તે દિવસની રજા સંબંધિત સક્ષમ સત્તાધિકારી ધ્વારા મંજૂર કરવામાં આવેલ ન હોય તો તે દિવસની અનધિકૃત ગેરહાજરી ગણવામાં આવશે.

(૨) આ સીસ્ટમમાં ગેરહાજરી દર્શાવતા અહેવાલ અંગે જે કર્મચારી/શિક્ષકની ગેરહાજરીનું રીપોર્ટીંગ થયું હોય તો સંબંધિત આચાર્યએ અથવા રજા મંજુર કરવા માટે સક્ષમ સત્તાધિકારીએ ગેરહાજર અધિકારી/કર્મચારીની ગેરહાજરી અધિકૃત છે કે, અનધિકૃત છે તે વિચારણા કરી જિલ્લા વિકાસ અધિકારીશ્રીની મંજૂરીથી યોગ્ય કાર્યવાહી કરવાની રહેશે.

(૩) આ પ્રકારની અનધિકૃત હાજરી અંગેના પગાર આપવા માટે નિર્ણય આ સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રી તરફથી કરવામાં આવશે અને રાજય સરકારની સ્થાયી સૂચનાઓ મુજબ તેવા કિસ્સાઓ અને રજૂઆતોના નિકાલ દિન-૩૦ માં કરવાના રહેશે.

(૪) પ્રવાસ દરમ્યાન સીઆરસી,બીઆરસી, બીઇઓ, CAL પ્રોજકેટના કર્મચારીઓ, કેળવણી નિરીક્ષકશ્રીઓ એચસીએલ તેમજ એમડીએમ સ્ટાફને પણ આ સીસ્ટમથી હાજરી નોંધાવવાની રહેશે. એટલે કે, તેમણે જે તે શાળાની મુલાકાત લેવાના કે હાજરીના પ્રસંગે તે શાળામાં તેમની હાજરી, શાળામાં આવવાનો અને શાળામાંથી પરત જવાનો સમય બાયોમેટ્રીક એટેન્ડન્સ મશીનમાં રજીસ્ટર કરવાનો રહેશે અને તેના આધારે તેમની કામગીરીનું મુલ્યાંકન તેમજ મળવાપાત્ર રજા, પગાર, ટીએ/ડીએ વગેરે નકકી કરાશે.

(૫) તા.૧.૮.૨૦૧૪ થી શિક્ષકોને વેતન માટે હાજરી, રજાની વિગતો, અધિકારીઓ/કર્મચારીઓની ટુરની વિગતો જેના ઉપરથી તેમના માસિક ભથ્થા બિલ, મધ્યાહ્ન ભોજન યોજના સંચાલકોનું ચુકવણુ, મધ્યાહ્ન ભોજન યોજનામાં ભાગ લેતા વિધાર્થીઓની વિગતો, બીઆરસી, સીઆરસી અને અન્ય કર્મચારીઓ/અધિકારીઓની શાળાની મુલાકાત માટે આવવા અને મુલાકાત બાદ પાછા જવાનો સમય, અને એચ.સી.એલ. સંસ્થાના તેમના ક્ષેત્રીય કર્મચારીની હાજરી ઉપરાંત CAL યોજના હેઠળ એજન્સી તરફથી આપવામાં આવતા કોમ્પ્યુટર ઓપરેટર વગેરેની હાજરી આ સીસ્ટમ ઉપર જ કરવામાં આવશે.

(૬) વિધાર્થીઓની હાજરી આ સીસ્ટમમાં શાળા શરુ થાય ત્યારે અને મધ્યાહ્ન ભોજન વખતે એમ બે વખત રજીસ્ટર્ડ કરવાની રહેશે.

(૭) જે દિવસે જે શાળામાં સીસ્ટમ બંધ હોય તો તે અગેની ફરીયાદ નોંધાવી, ડોકેટ નંબર મેળવ્યા પછી શાળાના લોગબુકમાં આ અંગે નોંધ કરવામાં આવેલ હોય તો તે દિવસ પુરતી જ હાજરી હાજરી રજિસ્ટરમાં મેન્યુઅલ પુરવામાં આવેલ હાજરી સ્વીકારવાની રહેશે.

(૮) સંબંધિત પ્રાથમિક જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીઓ તરફથી, જે શાળાઓમાં હાલ બાયોમેટ્રીક પધ્ધતિથી હાજરી પુરવા માટે સગવડ ઉપલબ્ધ છે, તેવા મુખ્ય શિક્ષકોને સૂચના આપવામાં આવે કે જો બાયોમેટ્રીક સીસ્ટમના મેઇનટેન્સને લગતી કોઇ સમસ્યા જણાય કે અવરોધ ઉભા થાય તો શાળાના આચાર્યશ્રી ધ્વારા ફીલ્ડ ડેસ્ક નંબર ઉપર તાત્કાલિક ફરિયાદ નોંધવામાં આવે. આ ફરિયાદ પછી એચ.સી.એલ તરફથી એક ડોકેટ નંબર આપવામાં આવશે અને તેમના કર્મચારી સ્થળ મુલાકાત લઇ સમસ્યાનું નિરાકરણ કરશે. શાળાના મુખ્ય શિક્ષકશ્રી તરફથી નોંધવામાં આવેલ

ફરિયાદોની માહિતી ડોકેટ નંબર સાથે તેમની શાળા પાસે ઉપલબ્ધ ફરિયાદપોથી/લોગબુકમાં પણ નોંધવામાં આવશે. જિલ્લાવાર હેલ્પડેસ્કના ફોન નંબરો નીચે મુજબ છે.

| | | | |
|---|---|---|---|
| (૧) | સાબરકાંઠા | - | ૦૨૭૭૫-૨૨૩૧૧૯ |
| (૨) | બનાસકાંઠા. | - | ૦૨૭૪૨-૨૫૧૫૧૪ |
| (૩) | દાહોદ | - | ૦૨૬૭૩-૨૨૨૨૭૫ |
| (૪) | પંચમહાલ | - | ૦૨૬૭૨-૨૫૪૦૪૪ |
| (૫) | ભરુચ | - | ૦૨૬૪૨-૨૬૨૪૭૭ |
| (૬) | સુરત | - | ૦૨૬૨૩-૨૨૧૧૧૦ |
| (૭) | તાપી | - | ૦૨૬૨૪-૨૨૧૦૬૬ |
| (૮) | વડોદરા | - | ૦૨૬૬૯-૨૩૨૨૩૪ |

શાળાવાર હાજરીની વિગતો એચ.ટી.પી.એ પોર્ટલ ઉપરથી મેળવી શકાશે.

(૯) દરેક શાળાના બાયોમેટ્રીક હાજરી પધ્ધતિ અંગેના મશીનો સતત કાર્યરત રહે તે અંગેની તેમજ જરૂરી મોનીટરીંગની વ્યવસ્થા જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ કરવાની રહેશે અને બાયોમેટ્રીક હાજરી પધ્ધતિ કાર્યરત કરવામાં કોઇ અવરોધ ઉભો થાય તો તે અંગેના ઉપાયો ૨૪ કલાકમાં એચ.સી.એલ સંસ્થા તરફથી થાય તેની ખાતરી રાખવાની રહેશે. આ સીસ્ટમના સફળ સંચાલન માટેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત જિલ્લાના જિલ્લા વિકાસ અધિકારીશ્રીની રહેશે. અને સોફટવેરની કનેકટીવીટી સુચારુ રીતે ચાલુ રહે તે પ્રમાણે પ્રબંધ કરવાનો રહેશ. સાધનોની ચોરી, નુકશાન તેમજ રીપેર કરવા વગેરેમાં એચ.સી.એલ ધ્વારા ફરિયાદ નોંધાવવાના બે દિવસમાં કાર્યવાહી પૂર્ણ કરવાની રહેશે તેમજ આ સંસ્થાએ તમામ સ્પેર પાર્ટસ દરેક જિલ્લા કક્ષાએ રાખવાના રહેશે.

(૧૦) આ પ્રોજેકટના અમલીકરણની સમીક્ષા જિલ્લા વિકાસ અધિકારીશ્રી અધ્યક્ષપણા હેઠળની કમિટિએ કરવાની રહેશે. આ કમિટિમાં નીચે મુજબના અન્ય અધિકારીઓનો સમાવેશ થશે.

(ક) જે તે વિસ્તારના પ્રાયોજના વહીવટદારશ્રી.

(ખ) જિ.પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી.

(ગ) જે તાલુકાઓમા બાયોમેટ્રીક પધ્ધતિથી હાજરી ચાલતી હોય તે તાલુકાના શિક્ષણ અધિકારીશ્રી.

(ઘ) એચ.સી..એલ.ના પ્રતિનિધિ.

(ચ) આઇ.એલ.એન્ડ એફ.એસ.ના ઇટીએસ ના પ્રતિનિધિઓ.

(૧૧) <u>આ કમિટિની ભૂમિકા નીચે મુજબની રહેશે.</u>

(ક) સમિતિએ પ્રત્યેક માસના પ્રથમ અઠવાડિયામાં બેઠક યોજવાની રહેશે. આ પ્રોજેકટના અસરકારક અમલીકરણ માટે જિલ્લાની શાળાઓના નાના મોટા પ્રશ્નો જેવા કે, વીજળી, અર્થિંગ, મશીનની ચોરી વગેરેના નિકાલ કરી પ્રોજેકટ સુવ્યવસ્થિત ચાલે તે માટે સઘળા પ્રયત્નો કરવાના રહેશે.

(ખ) સ્થાનિક સ્તરે પ્રોજેકટના અમલીકરણને અસરકારક બનાવવા માટે આ સમિતિ અન્ય સંલગ્ન ખાતાઓ સાથે સમન્વય જાળવી અમલીકરણ એજન્સીને યોગ્ય માર્ગદર્શન આપશે.

(ગ) સમિતિએ પ્રોજેકટની પ્રક્રિયાઓ તથા જિલ્લા સ્તરે હેલ્પ ડેસ્ક ઉપર શાળાઓ ધ્વારા નોંધવામાં આવેલ ફરીયાદોનો ઉકેલ ઝડપથી થાય તે માટે માસિક ધોરણે સમીક્ષા કરવાની રહેશે.

(ઘ) બાયોમેટ્રીક સીસ્ટમના આધારે શિક્ષકો અને વિધાર્થીઓની જે હાજરી દર્શાવાય અને તેને આધાર ગણી આગળની કામગીરી હાથ ધરવામાં આવે તેની સમીક્ષા કરશે. પરંતુ, સ્થાનિક કક્ષાએ તાંત્રિક ખામીના કારણે બાયોમેટ્રીક સીસ્ટમમાં હાજરી ન દર્શાવવામાં આવે તેવા કિસ્સામાં શાળાના આચાર્ય પ્રમાણિત કરે તો હાજરી અંગે સ્થાનિક કક્ષાએ નિર્ણય લેવાનો રહેશે

.(૧૨) જિલ્લા સ્તરે યોજવામાં આવતી પ્રત્યેક માસિક મિટિંગની કાર્યવાહી નોંધની નકલ એસ.પી.ડીશ્રી., સર્વ શિક્ષા અભિયાનને મોકલવાની રહેશે. ફકરા-૧૧ માં દર્શાવેલ બાબતો સિવાય અન્ય કોઇ સમસ્યા કે જે માટે નીતિ વિષયક નિર્ણય લેવાની જરુર જણાતી હોય તેની જાણ, યોગ્ય કાર્યવાહી સારુ એસ.પી.ડી, સર્વશિક્ષા અભિયાનને .ને રજૂ કરવાની રહેશે.

(૧૩) આઇ.એલ.એન્ડ.એફ.એસ સંસ્થાને સ્પેરપાર્ટસ અને મશીનો કાર્યરત રહે તે પ્રમાણે વ્યવસ્થા સુનિશ્ચિત કરવાની રહેશે અને દર માસે મશીનોના ઉપયોગ અંગેનો રીપોર્ટ જિલ્લા વિકાસ અધિકારીશ્રી તેમજ સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી સર્વ શિક્ષા અભિયાનને કરવાનો રહેશે.

(૧૪) આઇ.એલ.એન્ડ એફ.એસ સંસ્થાએ જેમને આ પ્રોજકેટના મેનેજમેન્ટની કામગીરી સોંપવામાં આવી છે, તે એચ.સી.એલ. તરફથી તાલુકાવાર એગ્રીમેન્ટ મુજબ કરવામાં આવેલ કામગીરી, કેવા પ્રકારની ક્ષતિઓ જોવા મળેલ, વિગેરે વિગતો દરેક માસની ૧૦ મી તારીખ સુધીમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી, પ્રાયોજના અધિકારીશ્રી અને રાજય પ્રોગામ નિયામકશ્રી, સર્વ શિક્ષા અભિયાનને મોકલશે.

(૧૫) જે તે જિલ્લામાં ઉપલબ્ધ સિસ્ટમ હેઠળ આવરી લેવાયેલ શાળાઓ પૈકીની કેટલા ટકા શાળાઓ, વાર્ષિક સરેરાશ શિક્ષકોની હાજરી અને વિધાર્થીઓની હાજરી બાયોમેટ્રીક સીસ્ટમથી લેવામાં આવી છે તે વિગતો જે તે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીના વાર્ષિક ખાનગી અહેવાલમાં સંબંધિત જિલ્લા

વિકાસ અધિકારીશ્રીને વર્ષ દરમ્યાન કરવામાં આવેલ ખાસ કામગીરીના કોલમમાં ઉલ્લેખ કરવાનો રહેશે, અને તે ઉપર નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણનએ ખાનગી અહેવાલની સમીક્ષા કરતી સમયે ખાસ નોંધ લેવાની રહેશે.

(૧૬) સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ દર માસે બીઆરસી અને સીઆરસી મારફત શાળાઓમાં બાયોમેટ્રીક સીસ્ટમ એક માસમાં ૧૦ દિવસ સુધી બંધ રહયું હોય, નિરીક્ષણ કરાવવાનું રહેશે. આ નિરીક્ષણ દરમ્યાન સંબંધિત શાળાના શાળા પ્રબંધન સમિતિ (SMC) ના એક-બે સભ્યો પાસે પણ કરી અહેવાલમાં નોંધ કરવાની રહેશે.

(૧૭) જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ બાયોમેટ્રીક સીસ્ટમ હેઠળ આવરી લેવાયેલ શાળાઓ પૈકી બે ટકા શાળાઓનું નિરીક્ષણ દર માસે કરવાનું રહેશે. આ માટેના અહેવાલના નમૂના રાજય પ્રોજેકટ નિયામકશ્રી, સર્વશિક્ષા અભિયાન ધ્વારા નકકી કરવામાં આવશે.

(૧૮) જે શિક્ષકોની હાજરી અનિયમિત હોય, તેમના ખુલાસા સંબંધિત તાલુકાના તાલુકા શિક્ષણાધિકારીશ્રીએ ત્રિસમાસિક ધોરણે મેળવવાના રહેશે. અને ખુલાસા પરત્વે નિયમાનુસાર કાર્યવાહી કરી સંબંધિત શિક્ષકશ્રીના ખાનગી અહેવાલમાં હાજરીની અનિયમિતતા અંગેની નોંધ કરવાની રહેશે. તે જ પ્રમાણે બીઆરસી, સીઆરસી અને અન્ય અધિકારીઓના વાર્ષિક ખાનગી અહેવાલમાં સંબંધિત અહેવાલ લેખન અધિકારીએ તેમજ સમીક્ષક અધિકારીએ નોંધ કરવાની રહેશે.

(૧૯) જે વિધાર્થી માસ દરમ્યાન સળંગ ૧૦ દિવસ સુધી ગેરહાજર હોય તેવા વિધાર્થીઓના વાલીઓની મુલાકાત જે તે શાળાના મુખ્ય શિક્ષકશ્રીએ જે તે માસમાં જ કરી, આ બાબતે જરૂરી નોંધ નિયત રજીસ્ટરમાં કરવાની રહેશે. શાળાની મુલાકાતે આવતા અન્ય અધિકારીઓએ આ રજીસ્ટરની ચકાસણી કરી શેરો કરવાનો રહેશે. આ ઉપરાંત સ્થાનાંતરણ કરેલ વિધાર્થીઓ અંગે સ્થાયી સૂચનાઓ મુજબ આગળની કાર્યવાહી કરવાની રહેશે.

(૨૦) એચ.સી.એલ. તરફથી બાયોમેટ્રીક સીસ્ટમ હેઠળ આવરી લેવાયેલ શાળાઓમાં દરરોજ શાળા-વાર મધ્યાહન ભોજન યોજનામાં ભાગ લીધેલ વિધાર્થીઓની સંખ્યાની વિગત માસના છેલ્લા દિવસે સંબંધિત તાલુકાના મામલતદારશ્રીને આપવાની રહેશે. ભવિષ્યમાં જે તે શાળાના સંચાલકને જથ્થાની ફાળવણી કરતી સમયે મામલતદારશ્રીએ આ વિગતો ધ્યાને લેવાની રહેશે.

(૨૧) રાજય પ્રોજેકટ નિયામકશ્રી, સર્વ શિક્ષા અભિયાનએ જિલ્લા વિકાસ અધિકારીશ્રી તરફથી મળેલ શાળાઓના નિરીક્ષણ અહેવાલ, તેમની અધ્યક્ષતાની સમિતિની કાર્યવાહી નોંધ અને આઇ.એલ.એન્ડ એફ.એસ સંસ્થા તરફથી મળેલ માસિક અહેવાલ અને જો જરુર જણાય તો અન્ય માહિતી મેળવી,

આઇ.એલ.એન્ડ એફ.એસ અને એચ.સી.એલ.સંસ્થાઓને ચુકવણુ કરવા માટે આદિજાતિ વિકાસ વિભાગને ભલામણ કરશે.

(૨૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ આ ઠરાવની સૂચનાઓની સંબંધિત સવર્ને તા.૩૧.૭.૧૪ સુધીમાં જાણ કરવાની રહેશે અને આ ઠરાવની સૂચનાઓનો સંપૂર્ણ અમલ તા.૧.૮.૧૪ થી થાય તેની કાળજી રાખવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( નિલેશ ત્રિવેદી )
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (નાણાં) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લાઓના કલેકટરશ્રી
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી, દાહોદ,તાપી, છોટાઉદેપુર, પંચમહાલ, સુરત, બનાસકાંઠા,સાબરકાંઠા, ભરૂચ.
- જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી, દાહોદ,તાપી, છોટાઉદેપુર, પંચમહાલ, સુરત, બનાસકાંઠા,સાબરકાંઠા, ભરૂચ.
- પ્રાયોજના વહીવટદારશ્રી સંબંધિત જિલ્લાઓ, દાહોદ,તાપી, છોટાઉદેપુર, પંચમહાલ, સુરત, બનાસકાંઠા,સાબરકાંઠા, ભરૂચ, વડોદરા,,નર્મદા,
- આઇ.એલ.એન્ડએફ.એસ, એજયુકેશન એન્ડ ટેકનોલોજી સર્વિસીસ, ૩૦૧-૩૦૩,કેલવના કોમ્પલેક્ષ, પંચવટી, અમદાવાદ-૬.
- પ્રોજકેટ ડાયરેકટરશ્રી, એચ.સી.એલ, ઇન્ફો સીસ્ટમ, એચ.સી.એલ ટાવર, પહેલોમાળ, સ્વસ્તિક કો.ઓ.સોસાયટી, સ્ટેડીયમ સર્કલપાસે, નવરંગપુરા, અમદાવાદ-૯.
- જી.સી.ઇ.આર.ટી, લાયબ્રેરી
- મામલતદારશ્રી સંબંધિત તાલુકાઓ
- તાલુકા એજયુકેશન અધિકારીશ્રી, સંબંધિત તાલુકાઓ
- વિભાગની વેબસાઇટ ઉપર.